■ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીએ રાધિકા સાથે સગાઇ કર્યા બાદ પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના દર્શન કર્યા હતા.

ખુરશી લાવવામાં વિલંબ થતા મંત્રીએ કાર્યકર્તાઓ પર પથ્થર ફેંકીને માર્યો, વીડિયો વાયરલ થયો

ચેન્નઈ, તા. 24: તમિલનાડુના એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે જેમાં રાજ્યના દૂધ અને ડેરી વિકાસ મંત્રી એમ એમ નાસિર તિરુવલ્લુરમાં તે વખતે નારાજ થઈ ગયા જ્યારે કાર્યકર્તાઓને ખુરશી લાવવામાં મોડું થઈ ગયું હતું. વીડિયોમાં તેઓ કાર્યકર્તાઓ પર નારાજ થતા દેખાયા હતા. આટલું જ નહીં મંત્રી એટલા રોષે ભરાયા હતા કે તેમણે પથ્થર ઉંચકીને કાર્યકર્તાઓ તરફ ફેંકયો હતો. વીડિયો વાયરલ થયા બાદ યુઝર્સ એમ એમ નાસિરની મશ્કરી કરી રહ્યા છે.

એક યુઝર્સે લખ્યું હતું, મોબાઈલના કેમેરા આજકાલ તમારા દરેક ભાવને રેકોર્ડ કરી રહ્યા છે. એક અન્ય યુઝરે લખ્યું હતું કે પથ્થર ફેંકનારને ઓલિમ્પિકમાં જવું જોઈએ, ભારત માટે ગોલ્ડ મેડલ લઈને જરૂર આવશે. બીજા એક યુઝરે લખ્યું, શું હવે માણસ પથ્થર પણ ફેંકી નથી શકતો? એક અન્ય યુઝરે પોસ્ટ કર્યું હતું 'હવે તેમણે પથ્થરબાજ રીતે પોતાની કારકિર્દી શરૂ કરવાનો નિર્ણય લીધો હશે. જ્યારે એક અન્ય યુઝરે કહ્યું, તેમનો અસલ ચહેરો હવે લોકોની સામે આવવા લાગ્યો છે.

કોરિયામાં ભારે બરફવર્ષાથી 500 ફ્લાઇટ્સ રદ

બેઉ કોરિયા, ચીન અને જાપાનમાં પારો ગગડીને દાયકાના નીચલા સ્તરે, લુનાર નવા વર્ષની મજા બગડી

સિયોલ, 24 જાન્યુઆરી (રોઇટર્સ) - શિયાળાના આકરા હવામાનને કારણે દક્ષિણ કોરિયાના પર્યટન ટાપુ જેજુથી આવતી-જતી લગભગ 500 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે, એમ સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું, જેના કારણે મુસાફરો માટે નવા વર્ષની રજાના અંતિમ દિવસે વિક્ષેપ પડ્યો હતો.

એરપોર્ટના પ્રવક્તાએ રોઇટર્સને જણાવ્યું હતું કે, તમામ 466 ડોમેસ્ટિક ફ્લાઇટ્સ અને જેજુ ઇન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરવાની નિર્ધારિત 10 આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી.

પૂર્વોત્તર એશિયા અસાધારણ રીતે ઠંડા પવનની ચપેટમાં છે, બે કોરિયા, જાપાન અને ચીનમાં પારો ગગડીને લગભગ એક દાયકામાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે.

દક્ષિણ કોરિયાના હવામાન વહીવટીતંત્રે મંગળવારે સવારે કોલ્ડવેવની વિશેષ ચેતવણી જારી કરી હતી, જેમાં લોકોને ફ્રીઝના સંભવિત જોખમ અંગે ચેતવણી આપવામાં આવી હતી. ઉત્તર કોરિયાની સરહદ નજીક આવેલા ચેઓરોન કાઉન્ટીમાં સિઓલમાં તાપમાન માઇનસ 16 સેલ્સિયસ અને માઇનસ 25 સે. હતું.

મારી ઇમેજ બગાડવા માટે ભાજપે કરોડો રૂપિયા ખર્ચ્યા, પણ સત્ય બહાર આવ્યું: 'પપ્પુ' ટેગ પર રાહુલ ગાંધી

જમ્મુ, તા. 24 (પીટીઆઈ)

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે સોશિયલ મીડિયા પર તેમને હાસ્યાસ્પદ રીતે 'પપ્પુ' તરીકે ઓળખાવવા પર કહ્યું હતું કે, મારી છબી ખરડાવવા માટે ભાજપ અને આરએસએસ દ્વારા વ્યવસ્થિત રીતે હજારો કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે, પરંતુ સત્ય હંમેશાં બહાર આવે છે.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસ ભાજપને શીખવશે કે આ દેશમાં સત્ય કામ કરે છે અને પૈસા, સત્તા અને ઘમંડ નહીં, ગાંધીએ કહ્યું કે તેમની 'ભારત જોડો યાત્રા' તેના અંતિમ તબક્કામાં ચાલુ છે.

ખીણ તરફની યાત્રા શરૂ કરતાં પહેલાં રાહુલ ગાંધીએ જમ્મુમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

52 વર્ષીય રાહુલ ગાંધીને જ્યારે પૂછવામાં આવ્યું કે શું કોંગ્રેસ તેમની 'પપ્પુ' ઈમેજનો સામનો કરવા માટે કરોડો રૂપિયા ખર્ચી રહી છે ત્યારે તેમણે કહ્યું હતું. ''મારી છબીને બગાડવા માટે હજારો કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ભાજપ અને તેના નેતાઓ દ્વારા વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું છે. હજારો કરોડો સત્યને છુપાવી શકતા નથી અને તમે તેના સાક્ષી છો. સત્ય હંમેશાં બહાર આવે છે.'' તેમણે આરોપ લગાવ્યો કે આરએસએસ અને બીજેપી નેતાઓ વિચારે છે કે પૈસા અને શક્તિથી કંઈ પણ હાંસલ કરી શકાય છે.

ઈટાલી, ઓસ્ટ્રિયા, સ્લોવેનિયા, ક્રોએશિયામાં ભારે બરફવર્ષા

ભારે બરફને કારણે ઈટાલી, ઓસ્ટ્રિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા અને માલોર્કામાં વિક્ષેપ પડ્યો છે. સોમવારે મેલોર્કામાં પાંચ વર્ષથી વધુ સમયમાં સૌથી મોટી બરફવર્ષા થઈ હતી, જેમાં ફોર્નાલટક્સમાં 7 સેન્ટિમીટર પડ્યો અને સિએરા ડી ટ્રામુન્ટાના પર્વતમાળામાં -2.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ઈટાલીના કેટલાક પ્રદેશોમાં પણ બરફવર્ષા અને થીજવી દેવાની સ્થિતિને કારણે હવામાનની ભારે ચેતવણીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેમ કે લી માર્ચે અને એમિલિયા રોમેગ્નામાં, જ્યાં હવામાનને કારણે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જે લોકો અને સંપત્તિ માટે જોખમ ઉભું કરે છે.

સ્લોવેનિયા, ક્રોએશિયા અને ઓસ્ટ્રિયા પણ બરફના તોફાનથી પ્રભાવિત થયા છે, જેના કારણે ઓસ્ટ્રિયાના કેરિન્થિયા જેવા કેટલાક વિસ્તારોમાં રસ્તા અને શાળા બંધ થવાની સાથે વીજળી ગુલ થઈ ગઈ છે, જ્યાં 5000 ઘરો વીજળી વિનાના રહી ગયા હતા.

પ્રજાસત્તાક દિવસ પહેલાં દિલ્હી પોલીસે સુરક્ષા વધારી

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ)

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસે પ્રજાસત્તાક દિવસ પહેલાં રાષ્ટ્રીય રાજધાનીમાં તોડફોડ વિરોધી તપાસ, વેરિફિકેશન ડ્રાઇવ અને પેટ્રોલિંગ વધારી દીધું છે.

પોલીસે જણાવ્યું હતું કે, ''લગભગ 6,000 સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે અને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેનારાઓ માટે નવી દિલ્હી જિલ્લામાં કુલ 24 હેલ્પ ડેસ્ક સ્થાપિત કરવામાં આવશે.''

પોલીસે જણાવ્યું હતું કે, શ્વાન ટુકડીઓ સાથે બોમ્બ ડિસ્પોઝલ ટીમ દ્વારા બજારો, ઊંચા ફૂટફોલ વિસ્તારો અને અન્ય અગ્રણી સ્થળોએ તોડફોડ વિરોધી તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસ હોટલો અને લોજની પણ તપાસ કરી રહી છે તેમ જ ત્યાંના સ્ટાફને કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ અથવા પ્રવૃત્તિ વિશે તરત જ પોલીસને જાણ કરવા માટે સંવેદનશીલ બનાવી રહી છે. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે કહ્યું હતું કે, તમામ મદદનીશ પોલીસ કમિશનર અને સ્ટેશન હાઉસ ઓફિસર્સ રેસિડેન્ટ વેલફેર એસોસિએશન અને માર્કેટ વેલફેર એસોસિએશનના સભ્યો સાથે બેઠકો કરી રહ્યા છે અને તેમને પ્રજાસત્તાક દિવસ માટે સુરક્ષાનાં પગલાં વિશે માહિતી આપી રહ્યા છે.

બીબીસી ડોક્યુમેન્ટરીથી પરિચિત નથી, અમને ભારત સાથે જોડતા મૂલ્યોથી પરિચિત છીએ: અમેરિકા

પાકિસ્તાની પત્રકારે વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરી અંગે પૂછતા અમેરિકાના ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું અમેરિકી સરકાર આ ડોક્યુમેન્ટરીથી પોતાને દૂર રાખે છે

વોશિંગ્ટન, તા. 24 (પીટીઆઇ): અમેરિકાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરની બીબીસીની વિવાદાસ્પદ શ્રેણીથી પોતાને દૂર રાખીને કહ્યું હતું કે તે ડોક્યુમેન્ટરીથી પરિચિત નથી પણ અમેરિકા અને ભારતને બે સમૃદ્ધ, ગતિશીલ લોકશાહી તરીકે જોડતા મૂલ્યોથી પરિચિત છે.

'ઇન્ડિયા: ધ મોદી ક્વેશ્ચન' શીર્ષકવાળી વિવાદાસ્પદ બે ભાગની બીબીસી શ્રેણીએ દાવો કર્યો છે કે તેણે 2002ના ગુજરાત રમખાણોને લગતા કેટલાંક પાસાઓની તપાસ કરી હતી જ્યારે વડાપ્રધાન મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા.

એક પાકિસ્તાની પત્રકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અમેરિકાના ગૃહ મંત્રાલયના પ્રવક્તા નેડ પ્રાઇસે સોમવારે પત્રકારોને કહ્યું હતું કે અમેરિકાની ભારત સાથે ઘેરી ભાગીદારી છે જે મૂલ્યો પર આધારિત છે જે યુએસ અને ભારતીય લોકશાહી બંનેમાં સમાન છે. જ્યારે પાકિસ્તાની પત્રકારે બીબીસી ડોક્યુમેન્ટરી પર વધુ દબાણ કર્યું, ત્યારે પ્રાઇસે કહ્યું: 'હું (બીબીસી) ડોક્યુમેન્ટરીથી પરિચિત નથી જેનો તમે ઉલ્લેખ કરી રહ્યા છો. હું સંયુક્ત મૂલ્યોથી પરિચિત છું જે અમેરિકાને ભારત સાથે જોડે છે. જ્યારે અમને ભારતમાં લેવામાં આવતી કાર્યવાહી અંગે ચિંતા હોય છે, ત્યારે અમે તે અંગે અવાજ ઉઠાવીએ છીએ. પણ અમે તે મૂલ્યોને વધુ મજબૂત કરવા ઇચ્છીએ છીએ જે અમારા સંબંધોના હૃદયમાં છે', પ્રાઇસે કહ્યું હતું કે બાઇડેન સરકાર બ્રિટિશ સરકારની જેમ આ ડોક્યુમેન્ટરીથી પોતાને દૂર રાખી રહી છે.

કેલિફોર્નિયામાં ફરીથી સામૂહિક હત્યાનો બનાવ, 7 લોકોનાં મોત

કેલિફોર્નિયામાં 8 દિવસની અંદર આ ત્રીજો બનાવ, માર્યા ગયેલા લોકો ચીનના.

3 અઠવાડિયાથી પણ ઓછા સમયમાં અમેરિકામાં 39 લોકોનાં મૃત્યુ થયાં

હાફ મૂન બે (અમેરિકા), તા. 24 (એપી): નોર્થન કેલિફોર્નિયામાં બે કૃષિ વ્યવસાયોમાં એક બંદૂકધારીએ સાત લોકોની હત્યા કરી હતી, 8 દિવસની અંદર સામૂહિક હત્યાના ત્રીજા બનાવથી રાજ્ય શોકમાં ડૂબી ગયું હતું.

સોમવારે થયેલા ગોળીબારમાં પોલીસ અધિકારીઓએ શકમંદ 67 વર્ષીય ચુનીલ ઝાઓની ધરપકડ કરી હતી, શેરીફના સબસ્ટેશનના એક મોલની પાર્કિંગમાં તેને તેની કારમાંથી પકડવામાં આવ્યો હતો, એમ સેન મેટીઓનાં શેરીફ ક્રિસ્ટીના કોરપસે કહ્યું હતું.

હાફ મૂન બેના વાઇસ મેયર જોકવીન જિમેનેઝે જણાવ્યું હતું કે પીડિતોમાં ચાઇનીઝ અને લેટિનો ફાર્મવર્કર્સનો સમાવેશ થાય છે. કેટલાક કામદારો એક સુવિધામાં રહેતા હતા અને બાળકોએ શૂટિંગ જોયું હશે, એમ તેમણે કહ્યું હતું.

એક ફાર્મ અને તેનાથી કેટલાંક કિલોમીટર દૂર બીજા એક સ્થળે કુલ 7 લોકો મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. અધિકારીઓનું માનવું છે કે ઝાઓ બંનેમાંથી એક જગ્યાએ કામ કરતો હતો અને મૃતકો પણ ત્યાંના કર્મચારીઓ હતા, એમ ક્રિસ્ટીનાએ કહ્યું હતું. જો કે અધિકારીઓએ હત્યાનો ઉદ્દેશ્ય જણાવ્યો ન હતો.

મોન્ટેરે પાર્કમાં ચીની નવા વર્ષની ઉજવમી દરમિયા થયેલા હુમલામાં 11 લોકો માર્યા ગયા હતા, કેલિફોર્નિયા હજુ પણ તે આઘાતમાંથી બહાર નથી નીકળ્યું અધિકારીઓ હજી પણ શનિવારે થયેલા ગોળીબારનો ઉદ્દેશ્ય શોધી રહ્યા છે.

ઓકલેન્ડ ગેસ સ્ટેશન પર ગોળીબારમાં 1નું મોત, 8 લોકો ઘાયલ

ઓકલેન્ડ (યુએસ), તા. 24 (એપી)

સાન ફ્રાન્સિસ્કો બે એરિયામાં સોમવારે રાત્રે ઓકલેન્ડ ગેસ સ્ટેશન પર થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને સાત અન્ય ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ નિવેદનમાં જણાવાયું હતું કે, અધિકારીઓને સાંજે 6 વાગ્યા પછી મેકાર્થર બુલેવાર્ડ પર ઘટનાસ્થળ પર મોકલવામાં આવ્યા હતા અને જાણવા મળ્યું કે ઘણા લોકો વચ્ચે ગોળીબાર થયો હતો. અધિકારીઓને વેલેરો ગેસ સ્ટેશન પર શેલના ખોખા મળ્યા, પરંતુ કોઈ પીડિત મળ્યો ન હતો. જોકે, રવાનગી કરનારાઓએ જણાવ્યું કે ગોળીથી ઘાયલ થતાં ઘણા પીડિતો જાતે જ સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્યની હાલત સ્થિર છે. કોઈ ધરપકડ કરવામાં આવી ન હતી અને અન્ય વિગતો તરત જ જાહેર કરવામાં આવી ન હતી. ઇસ્ટ બે ટાઇમ્સમાં જોવા મળતી શેલ ખોખાની તસવીરો અનુસાર, ઓછામાં ઓછા 19 શોટ ચલાવવામાં આવ્યા હતા. હાફ મૂન ખાડીની બહારના બે સ્થળોએ એક બંદૂકધારીએ સાત લોકોની હત્યા કર્યાના થોડા કલાકો બાદ જ ગોળીબાર થયો હતો. સેન મેટો કાઉન્ટી શેરિફ ક્રિસ્ટીના કોર્પસે જણાવ્યું હતું કે, અધિકારીઓએ એક શકમંદ, 67 વર્ષીય ચુનલી ઝાઓની ધરપકડ કરી હતી, જ્યારે તેઓ તેને શેરિફ સબસ્ટેશનના પાર્કિંગમાં તેની કારમાં મળી આવ્યા હતા.

દિલ્હી નગરપાલિકાના ગૃહમાં હંગામો થતાં મેયરની ચૂંટણી બીજી વખત સ્થગિત કરાઈ

આપના સભ્યોએ હંગામો શરૂ કર્યો હતો જેના કારણે ગૃહને સ્થગિત કરવામાં આવ્યું હતું: ભાજપ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ): દિલ્હીનું મ્યુનિસિપલ કોર્પોરેશન મેયરની પસંદગી કરી શક્યું ન હતું, તેની કાર્યવાહી મંગળવારે મુલતવી રાખવામાં આવી હતી, મેયરની ચૂંટણી માટે બોલાવવામાં આવેલા નવા ગૃહના બીજા સત્રમાં પણ પ્રક્રિયા પૂર્ણ ન થતા આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને ધારાસભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.ગૃહની કાર્યવાહી માટે અસામાન્ય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી, સિવિક સેન્ટર પરિસરમાં અને ગૃહમાં પણ જવાનો તૈનાત કરાયા હતા. જો કે ભાજપ અને આપ સભ્યો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી જેના પગલે ભાજપના કોર્પોરેટર અને ગૃહના અધ્યક્ષ સત્ય શર્માએ મતદાન યોજ્યા વિના ગૃહને સ્થગિત કર્યું હતું. આપના તમામ કોર્પોરેટરો તેમના 13 ધારાસભ્યો અને ત્રણ સાંસદો ગૃહમાં બેઠા અને ભાજપના કોર્પોરેટરોને પાછા આવવાની માગણી કરી જેથી મેયરની ચૂંટણી યોજી શકાય. 'જ્યાં સુધી ભાજપના કોર્પોરેટરો પાછા ન આવે અને મતદાન ન થાય ત્યાં સુધી અમે ગૃહ છોડીશું નહીં. જ્યાં સુધી ચૂંટણી ન થાય ત્યાં સુધી અમે અહીં જ બેસીશું', એમ આપના નેતા દુર્ગેશ પાઠકે કહ્યું હતું. ભાજપના મેયર પદના ઉમેદવાર અને શાલીમાર બાગના ત્રણ વખતના કોર્પોરેટર રેખા ગુપ્તાએ પણ સિવિક સેન્ટરમાં ધરણા કર્યા હતા. રેખા ગુપ્તાએ દાવો કર્યો હતો કે આપે હંગામો શરૂ કર્યો હતો જેના કારણે ગૃહને સ્થગિત કરવામાં આવ્યું હતું. રેખાએ પત્રકારોને કહ્યું હતું, 'આપના એક કાઉન્સિલર પ્રવીણે અમારી મહિલા કાઉન્સિલરને ધક્કો માર્યો હતો આ તેમના માટે ખૂબ જ શરમજનક છે'. 15 દિવસની અંદર આ બીજી વખત છે કે ગૃહની અંદર તોફાનના કારણે તેને સ્થગિત કરાયું હતું અને મેયરની ચૂંટણી યોજાઈ ન હતી.